દુધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવતા
ફ્લેવર્ડ દુધના ભાવ વધારવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૨૦-૪૯૫-ખ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૩/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૨૭/૧/૨૦૧૬ નો ઠરાવ ક: સદસ/૧૦૨૦૧૬/૨૨/ખ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૩/૮/૨૦૧૯ નો ઠરાવ ક: આઇસીડી/૧૧૨૦૦૯/૭૩૨૨૪૧/બ

(૩) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૬/૧/૨૦૨૦ નો ઠરાવ ક: સદસ/૧૦૨૦૧૬/૨૨/ખ

(૪) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીનો તા.૧૯/૨/૨૦૨૦ નો પત્ર ક:પોષણ/આઇસીડીએસ/૧૩૩૪૪૧/દૂધ સંજીવની યોજના/ભાવ વધારા/ બાબત/૨૦૨૦

**આમુખ:-**

સંદર્ભ (૧) આગળના ઠરાવથી આદિજાતિ વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ નીચે ચાલતી દુધ સંજીવની યોજનાનું એકીકરણ કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) આગળના ઠરાવથી દુધ સંજીવની યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ માં GCMMF Ltd., આણંદ અને માહિ ડેરી, રાજકોટ દ્વારા દુધ તેમજ ટ્રાન્સપોર્ટેશનના ખર્ચના ૨(બે) માસની ચુકવવાપાત્ર રકમ વિભાગને ફાળવેલ ગ્રાન્ટમાંથી બે માસની રકમ એડવાન્સ આપવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૩) આગળના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા:૬/૧/૨૦૨૦ના ઠરાવથી તા.૧/૧૦/૨૦૧૯ની અસરથી દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ મી.લી. ફ્લેવર્ડ મિલ્કના પાઉચની કિંમત રૂ.૭.૫૦ થી વધારીને રૂ ૯.૦૦ કરેલ છે. સંદર્ભ (૪) ના પત્રથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ દ્વારા કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગે કરેલ ભાવ વધારા મુજબ GCMMF Ltd., આણંદ અને માહિ ડેરી, રાજકોટ ને દુધ સંજીવની યોજના અંતર્ગત દુધના ભાવો ચુકવવા માટે મંજુરી માંગેલ છે.

ઠરાવ :-

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૬/૧/૨૦૨૦ના ઠરાવથી તા.૧-૧૦-૨૦૧૯ ની અસરથી દૂધના પ્રતિ પાઉચની કિંમત રૂ.૭.૫૦ થી વધારીને રૂ ૯.૦૦ કરેલ છે. એટલે પ્રતિ પાઉચની મૂળ કિંમતમાં રૂ. ૧.૫૦ નો વધારો થયેલ છે. આથી આઇસીડીએસ યોજના હેઠળ આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દુધ સંજીવની યોજના અંતર્ગત તા.૧/૧૦/૨૦૧૯ ની અસરથી ૨૦૦ મી.લી. ફ્લેવર્ડ મિલ્કના પ્રતિ પાઉચ રૂ ૯.૦૦ મુજબ ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

દુધ સંજીવની યોજના સંદર્ભના અગાઉના ઠરાવની તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૦/૨/૨૦૨૦ ની નોંધથી અને સરકારશ્રીની તા.૨૯/૦૨/૨૦૨૦ ની નોંધ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ.છત્રપતિ)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, કૃષિ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, સહકાર ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ. જી.મ.ભવન સંકુલ, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશનર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ. જી.મ.ભવન સંકુલ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ૧૦, ડૉ. જી.મ.ભવન સંકુલ, ગાંધીનગર
- મહિલા અને બાળ વિકાસ વિભાગના તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત)
- સબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, GCMMF, આણંદ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, માહિ ડેરી, રાજકોટ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ.